# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

## પ્રોપર્ટી ટેક્ષ વિભાગ (દક્ષિણ પશ્ચિમ ઝોન)

## જાહેર નોટિસ – ૦૧/૨૦૨૪-૨૫

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી જીપીએમસી એકટ ,૧૯૪૯ ના શીડયુલ એ ના પ્રકરણ-૮ ના નિયમ અનુસાર કરદાતાઓને તેમના નામ સામે દર્શાવેલ મિલ્કત માટેના પ્રોપર્ટી ટેક્ષના બિલો બજાવેલ છે. પ્રોપર્ટી ટેક્ષના બીલો મોકલવા છતાં તેમજ નોટિસો આપવા છતાં જે કરદાતાઓ તરફથી પ્રોપર્ટી ટેક્ષ ભરવામાં આવેલ નથી તેવા કરદાતાઓને ટેક્ષ ખાતાના દક્ષિણ પશ્ચિમ ઝોનમાં સ્થિત નીચેની મિલ્કતોમાં કલમ ૪૨ , ૪૩ મુજબ ટાંચ અને જપ્તીનું વોરંટ બજાવવામાં આવેલ તેમજ ત્યારબાદ કલમ ૪૫ (૧) મુજબની કાર્યવાહી કરેલ છે. આ અંગેની નોટિસ બજાવ્યાની મુદ્દત વીત્યા છતાં મ્યુ.કર, મિલ્કતકર, શિક્ષણ ઉપકર, વ્યાજ નોટિસ ફીની રકમ વસુલ આવેલ ન હોઈ નીચે દર્શાવેલ સ્થળ, તારીખ અને સમયે જપ્તીમાં લીધેલ મિલ્કતોની નિયમ-૪૭ મુજબ હરાજી કરવામાં આવશે. તો મિલ્કત ખરીદ કરવા રસ ધરાવનાર ઈસમોએ હરાજીના સ્થળે – સમયે ભાગ લેવા આવી જાહેર નોટિસ આપવામાં આવે છે.

| ક્રમ | ટેનામેન્ટ નંબર | માલિક/ કબ્જેદાર | મિલ્કતનું સ્થળ | તા.૦૬/૦૧/૨૦૨૫ ના રોજ ચાલુ વર્ષ સુધી બાકી ટેક્ષની રકમ (રૂ.) | હરાજી માટે નક્કી કરેલ કિંમત (રૂ.) | સમય |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૦૭૫૦૦૩૧૮૦૦૦૦૦૧જે | ડો. અહેમદખાન નૂરમહંમદખાન નાગોરી રજીયાબાનું અહમદખાન નાગોરી કબ્જે. – સેલ્ફ | બીજો માળ-૨૧૩, દેવ આર્ક કોમર્શિયલ (મોલ કોમ્પ્લેક્ષ), ઇસ્કોન ક્રોસ રોડ, એસ.જી. હાઇવે | ૮૭૮૩૦૧/- | ૪૭૬૩૦૦૦/- | ૧૧.૦૦ |
| ૨ | ૦૭૫૦૦૩૧૮૦૫૦૦૦૧એચ | દેવ આર્ક (જોધપુર) કોમ. કો.ઓ.લી. ચેરમેન કબ્જે. – સેલ્ફ | એસ એફ/૨૧૪, દેવ આર્ક કોમર્શિયલ (મોલ કોમ્પ્લેક્ષ), ઇસ્કોન ક્રોસ રોડ, એસ.જી. હાઇવે | ૮૭૬૧૩૨/- | ૪૮૭૨૦૦૦/- | ૧૨.૦૦ |
| 3 | ૦૭૫૦૦૩૧૮૪૦૦૦૦૧આઈ | દેવ આર્ક (જોધપુર) કોમ. કો.ઓ.લી. ચેરમેન કબ્જે. – રીટ્મો ધી ડિસ્ક | એસ એફ/૨૨૧,દેવ આર્ક કોમર્શિયલ (મોલ કોમ્પ્લેક્ષ), ઇસ્કોન ક્રોસ રોડ, એસ.જી. હાઇવે | ૧૬૨૬૪૯૬/- | ૭૫૬૨૦૦૦/- | ૦૧.૦૦ |

નિરક્ષણની તારીખ અને સમય :- તા.૨૭/૦૧/૨૦૨૫ અને ૨૮/૦૧/૨૦૨૫ સવારે ૧૧.૦૦ થી બપોરના ૨.૦૦ કલાક સુધી

બીડ જમા કરવાની છેલ્લી તારીખ :- તા.૩૦/૦૧/૨૦૨૫ સાંજે ૪.૦૦ કલાક સુધી (બંધ કવર ઉપર મ્યુનિસિપલ ટેક્ષ બીલ ટેનામેન્ટ નંબર ફરજીયાત લખવો.)

બીડ ઓપન કરવાનો સમય :- તા.૩૦/૦૧/૨૦૨૫ સાંજે ૫.૦૦ કલાકે

હરાજીની તારીખ :- તા.૩૧/૦૧/૨૦૨૫ સવારે ૧૧.૦૦ થી બપોરના ૧.૦૦ કલાક દરમ્યાન (ઉપર અનુક્રમ નંબરની સામે જણાવ્યા મુજબ)

શરતો અને નિયમો:- હરાજી ઓફર ફોર્મ, ફાઇનાન્સીયલ બીડ ફોર્મ તથા હરાજીની શરતો અને નિયમો અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની વેબસાઈટ www.ahmedabadcity.gov.in ઉપર ઉપલબ્ધ છે.

મ્યુનિસિપલ કમિશ્નર
અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

**અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન**

**એસેસમેન્ટ એન્ડ ટેક્ષ કલેક્શન ડિપાર્ટમેન્ટ – દક્ષિણ પશ્ચિમ ઝોન**

**મિલકત હરાજી ઓફર ફોર્મ**

**હરાજી નંબર – ૦૧/૨૦૨૪-૨૫**

ફોટો

હરાજીમાં ભાગ લેનારનું પુરું નામ: ____________________

સરનામું:____________________

____________________

મોબાઇલ નંબર: ____________________ Email:____________________

હરાજીમાં ભાગ લેવાની થતી મિલકતની વિગત:

મ્યુનિસિપલ ટેનામેન્ટ નંબર: ____________________

સરનામું:____________________

ઝોન:____________________

<u>એકરાર</u>

આથી હું નીચે સહી કરનાર ____________________ એકરાર કરૂં છું કે, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તા.__________ ના રોજ ____________________ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેલ જાહેર હરાજીની નોટિસ નં. __________ અનુસંધાને મેં તારીખ __________ ના રોજ હરાજીમાં મૂકાયેલ મિલકતનું જાત નિરીક્ષણ કરેલ છે. જાહેરાતમાં તથા વેબસાઇટમાં દર્શાવેલ તમામ શરતો વાંચેલ છે. જે મને સ્વીકાર્ય છે.

સદર મિલકત મ્યુનિસિપલ ટેનામેન્ટ નં.------------------------------------------------------------------ માટે હું હરાજીમાં ભાગ લેવા માંગું છું. તે માટે રૂ.-------------------------- નો ડી.ડી.નં. --------------------------/------------------------ બેંક શાખા ---------------------- તા. --------------------------- નો આ સાથે સામેલ છે.

(અધિકૃત વ્યક્તિની સહી)

સામેલ કરેલ દસ્તાવેજો:-

૧. હરાજીના સ્થળ પર ભાગ લેનાર વ્યકિતનો ફોટો ઓળખપત્ર -----------------------------------------------
(આધારકાર્ડ/ઇલેકશનકાર્ડ, પાસપોર્ટ)

૨. પાનકાર્ડ

(અધિકૃત વ્યક્તિની સહી)

## અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
## એસેસમેન્ટ એન્ડ ટેક્ષ કલેક્શન ડિપાર્ટમેન્ટ – દક્ષિણ પશ્ચિમ ઝોન
## સ્વ. શ્રી તુષાર દેશમુખ ભવન, જોધપુર, અમદાવાદ

---

### હરાજીની શરતો

૧. જે મિલકતની હરાજી છે તે આજના દિવસે જે સ્થિતિમાં છે તે સ્થિતિમાં "AS IS WHERE IS WHATEVER THERE IS AND WITHOUT RECOURSE BASIS" ધોરણે વેચાણ કરવાની છે. મિલકતવેરાના બાકીદાર આસામીનું મિલકત માટેનું જે હિત છે તે વેચાણ કરવામાં આવે છે.

૨. હરાજીમાં મિલકત રાખનાર આસામીએ હરાજીમાં માગણી સ્વીકાર થયેલી ૨૫% ભાગની રકમ તુરંત સ્થળ ઉપર રોકડ/ડિમાન્ડ ડ્રાફ્ટ/પે-ઓર્ડરથી જમા કરાવવાની રહેશે. કોઈપણ સંજોગોમાં રોકડ રકમ/ડિમાન્ડ ડ્રાફ્ટ/પે-ઓર્ડરથી સ્થળ ઉપર વ્યવસ્થા ન થાય તો સ્થાનિક બેન્કના ચેકથી રકમ ચુકવવાના કિસ્સામાં બીડરે પોતાના ખાતાનો ચેક અને બેલેન્સ માટે પાસબુકની છેલ્લી એન્ટ્રીની તથા પહેલા પાનાની ઝેરોક્ષ તથા સરનામાની ખાતરી આધારો માટે જરૂરી દસ્તાવેજો સાથે રાખવાના રહેશે.

૩. બાકી ૭૫% ભાગની રકમ માંગણી મંજૂર થયેથી દિવસ ૦૭ (સાત) માં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ભરપાઈ કરવાની રહેશે. નિયત કરવામાં આવેલ સમયમાં બોલી બોલનાર દ્વારા બાકી પૂરેપુરી રકમ (EMD મજરે કર્યા બાદની રકમ) નિયત કે નક્કી કરેલ સમયગાળામાં ભરપાઈ કરવામાં ન આવે તો અગાઉ ભરેલ EMD તથા બોલી વખતે ભરેલ ૨૫% રકમ જપ્ત કરવામાં આવશે.

૪. ઉપરની શરત નં.૨,૩ નું ભંગ થયેથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સંબંધીત મિલકતની ફરીથી હરાજી કરવામાં આવશે. જ્યારે કસૂરદાર વેચાણ લેનારની પ્રથમ માંગણી કરતાં ફરીથી વેચાણ કરતાં જે રકમ ઉપજે તે ઓછી હશે તો તફાવતની રકમ ફરીથી વેચાણ કરવા અંગે જે ખર્ચ થયો હોય તે સહિત આવા કસૂરદાર શખ્સ પાસેથી મ્યુનિસિપલ ટેક્ષની બાકી હોય તે મુજબ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન વસૂલ કરશે.

૫. જ્યારે કોઈપણ સ્થાવર મિલકતનું વેચાણ કાયમ રાખવાનું માન. મ્યુનિસિપલ કમિશનરશ્રીએ ફરમાવ્યું હશે ત્યારે જેની પાસે મ્યુનિ. ની લેણી રકમ નીકળતી હશે તે શખ્સના બદલે વેચાણ રાખનારનું નામ મ્યુનિસિપલ દફતરે દાખલ કરવામાં આવશે અને વેચાણ રાખનારને સદરહું મિલકતના વેચાણ રાખનાર તરીકેનું સર્ટીફીકેટ આપવામાં આવશે. આવી રીતે વેચાણ લેનાર શખ્સ મિલકતનો કબજો મેળાવવા હકદાર રહેશે.

૬. સેલ સર્ટીફીકેટ લખાઈ તેમજ તેનો અનુષાંગિક તમામ ખર્ચ પણ સંબંધીત મિલકત લેનારાના શીરે રહેશે.

૭. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના લીગલ એડવાઇઝરશ્રીની સલાહ મુજબ સેલ સર્ટીફીકેટ કરી આપવામાં આવશે.

૮. જે મિલકતમાં ભાડૂઆતો છે તે મિલકત જેમની તેમ જે તે સ્થિતિમાં/ભાડૂયાત સહિત જે સ્થિતિએ સોંપવામાં આવશે. ભાડૂતી જગ્યાનો કબજો તથા તે વિષયક દાવા/દાવો સહિતની તમામ જવાબદારી મિલકત લેનારાના શિરે રહેશે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની કોઈપણ પ્રકારની જવાબદારી રહેશે નહી.

૯. મિલકતના માલિકના ટાઇટલ સંબંધે માંગણીદારે અલગથી સ્વખર્ચે જાતે તપાસ કરવાની રહેશે. ટાઇટલ સંબંધે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની કોઈપણ પ્રકારની જવાબદારી રહેશે નહી.

૧૦. હરજીમાં ભાગ લેવા માટે ન્યૂનતમ રકમ (EMD) રૂ!. ૨૫૦૦૦/- ડિમાન્ડ ડ્રાફ્ટ જમા કરાવવાનો રહેશે. આ રકમ હરાજીની પ્રક્રિયા પૂર્ણ થયે જો તેઓ સફળ બીડર નહીં હોય તો પરત ચૂકવી આપવામાં આવશે. પરંતુ બીડરની

રકમ મિલકતના સેલ સર્ટીફીકેટ આપતી વખતે હિસાબમાં ગણાશે. જે બીડરની બોલી સ્વીકાર કરવામાં આવશે અને પછીથી તેઓ સંપૂર્ણ રકમ ભરપાઈ નહી કરી શકે તેવી રકમ જપ્ત થયેલી ગણાશે.

૧૧. હરાજી નક્કી કરેલ અનામત કિંમતથી શરૂ થશે. બોલી બોલનારાના બોલી રૂ!. ૨૫૦૦૦/- (રૂપિયા પચ્ચીસ હજાર) ના ગુણાંકમાં વધારી શકશે.

૧૨. મિલકત પરના તમામ લેણા, સ્ટેમ્પ ડ્યૂટી અને રજીસ્ટ્રેશન ચાર્જ વિગેરે તમામ સફળ બોલીકર્તાને ભોગવવાના રહેશે.

૧૩. હરાજી ઓફિસમાં ફોર્મ ભરેલ ક્વોલીફાઇડ પાર્ટીએ હરાજીના નક્કી કરેલ તારીખ તથા સમયે નિયત કરેલ સમયગાળાના અડધો કલાક અગાઉ પોતાની ફોટો ઓળખ તથા ઓરીજનલ પહોંચ સાથે હાજર થઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના ઉપસ્થિત અધિકારીને ખરાઈ કરાવવાનું રહેશે. ત્યારબાદ બોલીની પ્રક્રિયામાં ભાગ લઈ શકશે.

૧૪. મ્યુનિસિપલ કોર્પોરેશન કર્મચારી સીધી કે આડકતરી રીતે સદર હરાજીની પ્રક્રિયામાં ભાગ લઈ શકશે નહી.

૧૫. અરજદારે ઓફર ફોર્મ સુવાચ્ય અક્ષરમાં ભરીને નિયત થયેલ રકમના ડિમાન્ડ ડ્રાફ્ટ સહિત સીલબંધ કરવામાં જે તે ઝોનલ કચેરીના વહીવટી શાખામાં નીચે જણાવેલ સરનામે તા.૩૦/૦૧/૨૦૨૫ ના રોજ સાંજના ૪.૦૦ કલાક સુધીમાં અચૂક પહોંચાડવાનું રહેશે.

૧૫.૧ ત્યારબાદ જે તે ઝોનલ કચેરીની વહીવટી શાખામાં તે જ દિવસે સાંજના ૫.૦૦ કલાકે આવેલ ઓફર ખોલવામાં આવશે.

૧૫.૨ ઓફર ખોલવાના સમયે ઓફર ફોર્મ ભરનાર પાર્ટીઓ (બીડર) હાજર રહી શકશે અથવા પોતાના પ્રતિનિધિશ્રીને હાજર રહેવા (ઓથોરીટી લેટર સહિત) જણાવી શકશે.

૧૫.૩ ઓફર ખોલ્યા બાદ સૌથી વધુ ભાવ (કિંમત) ભરનાર પાર્ટી (બીડર) દ્વારા ભરાયેલ ભાવ (કિંમત) ને બેઝ ગણી તે કિંમતના આધારે જાહેર હરાજીના દિવસે નિયત સમયે બોલી બોલવામાં આવશે. જેમાં ઓફર ભરનાર બીડર જ ભાગ લઈ બોલી બોલી શકશે. સૌથી વધુ બોલી બોલનાર પાર્ટી નિયત પ્રક્રિયા પૂર્ણ થયા બાદ મિલકત મેળવવા હક્કદાર બનશે.

૧૬. ટુ બીડ સીસ્ટમના સીલબંધ કવર ઉપર જાહેર હરાજી નોટીસ નંબર તથા મ્યુનિ. ટેનામેન્ટ નંબર અને તે મિલકતની સરનામા સહિતની વિગતો દર્શાવવાની રહેશે તથા આસી. મેનેજરશ્રી (વહીવટી શાખા) દક્ષિણ પશ્ચિમ ઝોનલ ઓફિસ, બીજો માળ, સ્વ. તુષાર દેશમુખ ભવન, શેલ્બી હોસ્પિટલ પાસે, કોર્પોરેટ રોડ, જોધપુર, અમદાવાદ-૩૮૦૦૧૫ ને સંબોધીની મોકલવાનું રહેશે.

૧૭. ઓફરદાર કે બોલી બોલનાર પરસ્પર મળી ગયેલ હોય કે મેળાપણાની સ્થિતી જેવી કે શંકાશીલ સંજોગોમાં આવેલ ઓફર રદ કરવાનો તથા આવા પક્ષકાર/ઓફરદારની EMD જપ્ત કરવા સહિતના પગલાં ભરી શકાશે.

૧૮. હરાજી બાબતે કોઈપણ વાદ-વિવાદ કે કોર્ટ કેસના સંજોગોમાં તેનું કાર્યક્ષેત્ર અમદાવાદ રહેશે.

૧૯. ટુ બીડ સીસ્ટમમાં ઓફરદારના પ્રથમ કવરમાં તેની લાયકાત વિષયક માંગેલ ડૉક્યુમેન્ટ સૂચવાય તે મુજબના મૂકવાના રહેશે. જે પ્રથમ બીડ ક્વોલીફાઇડ બીડ ખોલયાના તબક્કે જરૂરી લાયકાત, EMD જેવી આવશ્યકતા સંતોષતા ક્વોલીફાઇડ તથા સક્ષમ પક્ષકારના જ સેકન્ડ બીડ/ફાયનાન્સીયલ બીડ ખોલાશે. ફાયનાન્સીયલ બીડમાં ઊંચી બોલી વાળી રકમને અપસેટ પ્રાઇઝ ઠરાવી તે ઉપર ક્રમશઃ વધારાની બોલી આપવાની રહેશે. આ અંતર્ગતની આવતી ઊંચી બોલી ગ્રાહ્ય રાખવી કે નહીં, તે મ્યુનિસિપલ કમિશનરશ્રીની મનસૂફીને આધીન રહેશે.

૨૦. ઉપરોક્ત શરતો સિવાય માન. મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને યોગ્ય જણાય તેવી અન્ય શરતો વખતો વખત ઉમેરવાનો, રદ કરવાનો, લંબાવવાનો અથવા મુલતવી રાખવાનો હક્ક અબાધિત છે. તેમજ શરતોના અર્થઘટનમાં વિવાદ ઊભો થાય તો તેવા કિસ્સામાં મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનો નિર્ણય આખરી અને તમામને બંધનકર્તા રહેશે.

ઝોનલ કચેરીની વહીવટી શાખાનું સરનામું

| ઝોન | સરનામું |
|---|---|
| દક્ષિણ પશ્ચિમ ઝોન | દક્ષિણ પશ્ચિમ ઝોનલ ઓફિસ, વહીવટી શાખા, બીજો માળ, સ્વ. તુષાર દેશમુખ ભવન, શેલ્બી હોસ્પિટલ પાસે, કોર્પોરેટ રોડ, જોધપુર, અમદાવાદ-૩૮૦૦૧૫ |

મિલકતની હરાજીનું સરનામું, તારીખ અને સમય

| સરનામું | તારીખ અને સમય |
|---|---|
| બીજો માળ - ૨૧૩ ,૨૧૪, ૨૨૧ દેવ આર્ક કોમર્શિયલ (મોલ કોમ્પ્લેક્ષ), ઈસ્કોન ક્રોસ રોડ, એસ.જી. હાઈવે, અમદાવાદ. | તા.૩૧/૦૧/૨૦૨૫ સવારે ૧૧.૦૦ થી બપોરના ૧.૦૦ કલાક દરમ્યાન |

## અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
## એસેસમેન્ટ એન્ડ ટેક્ષ કલેક્શન ડિપાર્ટમેન્ટ – દક્ષિણ પશ્ચિમ ઝોન
## મિલકત હરાજી માટેનું ફાયનાન્સીયલ બીડ ફોર્મ
## હરાજી નંબર – ૦૧/૨૦૨૪-૨૫

---

હરાજીમાં ભાગ લેનારનું પુરું નામ ..............................................................................................................

સરનામું ..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

મોબાઈલ નંબર ........................................................ Email : ..........................................................................

હરાજીમાં ભાગ લેવાની થતી મિલકતની વિગત

મ્યુનિસિપલ ટેનામેન્ટ નંબર : ..............................................................................................................

સરનામું : ..............................................................................................................

ઝોન : ..............................................................................................................

મ્યુનિસિપલ ટેનામેન્ટ નંબર : ..............................................................................................................વાળી

મિલકત માટેની ઓફર પ્રાઇઝ અંકે રૂા. ............................................ (શબ્દોમાં રૂપિયા ...........................................

..........................................................................................પૂરા)

(અધિકૃત વ્યક્તિની સહી)